Office of the District Magistrate, Jamnagar District — જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર — સત્યમેવ જયતે — ગુજરાત રાજ્ય

નં.ડીએમ/લો.સ.ચટણ/૦૧-૦૩/૨૦૨૪
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.    /૦૪/૨૦૨૪

વિષય:- ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

**વંચાણે લીધા:-**

(૧) ભારતના ચૂંટણીપંચની પ્રેસનોટ નં.ઇસીઆઇ/પીએન/૨૩/૨૦૨૪, તા.૧૬/૦૩/૨૦૨૪

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૮/૧૦/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક:જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.

(૩) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, જામનગરના તા.૨૮/૦૨/૨૦૨૪નો હુકમ ક્રમાંક: ચટણ/લો.સ./FST/SST/VVT/૨૮૦૨/૨૦૨૪ તથા તા.૧૦/૦૪/૨૦૨૪નો હુકમ નં.લો.સ. સા.ચૂ./FST-SST./ટીમ રચના/૦૯૦૪/૨૦૨૪.

(૪) આ કચેરીના તા.૧૬/૦૩/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ડીએમ/લો.સ.ચટણ/૦૧/૨૦૨૪ તથા તા.૧૨/૦૪/૨૦૨૪ના હુકમ નં.ડીએમ/ડીસીએચ/લો.સ.ચટણ/૦૧-૦૨/૨૦૨૪

(૫) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-લોકસભા સંસદીય મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી જામનગર (શહેર)ની કચેરીના તા.૦૯/૦૪/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ/SST/VST/૨૦૨૪ તથા તા.૧૩/૦૪/૨૦૨૪ના હુકમ ક્રમાંક: ચટણ/લો.સ/FST/૨૦૨૪

(૬) મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-જામનગર સંસદીય મ.વિ.માં સમાવિષ્ટ ૭૯-જામનગર (દક્ષિણ) વિ.સ.મ.વિ. અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી, જામનગરના તા.    /૦૪/૨૦૨૪નો હુકમ ક્રમાંક: નં.ચટણ/લો.સ.-૨૦૨૪/૧૨૦૪(૨)/૨૦૨૪

**સુધારા આદેશ:-**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ જામનગર જિલ્લાના તમામ ૫ (પાંચ) વિધાનસભા મતદાર વિભાગો માટે જેમને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી, આ કચેરી તરફથી, નોડલ અધિકારીશ્રી તરફથી, ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી તરફથી ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારીઓ/કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેવા અધિકારીઓ/કર્મચારીઓને ચૂંટણીની કામગીરી મુક્ત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ-(૨) જાહેરનામા મુજબ ફોજદારી કાર્યરીતિ ૧૯૭૩ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪,૧૦૩,૧૦૪,૧૨૯ અને ૧૪૪ના અધિકારો મળવાપાત્ર થાય છે.

આ અધિકારો ભોગવવા માટેનો વિસ્તાર અને સમયગાળો નિશ્ચિત કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. હાલ ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી કરવામાં આવતા ખર્ચ ઉપર દેખરેખ અને નિયંત્રણ જળવાઇ રહે તે માટે ફ્લાઇંગ સ્ક્વોડ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમોની રચના વંચાણ-(૩)ના હુકમથી કરવામાં આવેલી છે. વંચાણ-(૪)ના હુકમથી તેમને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો આપેલ છે.

વંચાણ-(૫) અને (૬) ના સુધારા હુકમથી આ ટીમોમાં ફેરફાર કરવામાં આવેલ છે. આથી નીચે દર્શાવેલ કોષ્ટકના કોલમ નં.૪ માં દર્શાવેલ કર્મચારી/અધિકારીઓને કમી કરતા તેમને આપેલ અધિકાર પરત ખેંચવામાં આવે છે. તેમજ તેમના સ્થાને કોલમ નં.૫ માં જણાવેલ કર્મચારી/અધિકારીઓને કોમલ નં.૩ માં

દર્શાવ્યા મુજબ નિયુક્ત કરવામાં આવેલ છે. જેઓને કોલમ (૨) મુબજના વિસ્તાર/કાર્યક્ષેત્રમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધીના સમય માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

| ક્રમ | વિ.સ.મ.વિ. | ટીમનું નામ | કમી કરેલ કર્મચારીનું નામ, હોદ્દો અને કચેરી | નવનિયુક્ત કરવામાં આવનાર કર્મચારીનું નામ, હોદ્દો અને કચેરી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | ૭૮–જામનગર ઉત્તર | સ્ટેટિક સર્વેલન્સ ટીમ | શ્રી સુધીર નારણભાઇ જોષી, આસી. પ્રોફેસર ડી.કે.વી. કૉલેજ, જામનગર મો. ૯૮૨૫૩૮૯૦૦૧ | શ્રી નથુભાઇ આંબલીયા, ખેતીવાડી અધિકારી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર મો.૯૦૮૧૨૯૧૦૭૧ |
| ૨. | ૭૮–જામનગર ઉત્તર | ફ્લાઇંગ સ્ક્વોડ ટીમ | શ્રી સુનીલ મહેશચંદ્ર શાહ, વિકાસ અધિકારી, ભારતીય જીવન વીમા નિગમ, જામનગર મો. ૯૩૨૮૧૧૯૦૦૯ | શ્રી ચૌહાણ મિલન રમેશભાઇ, સીનીયર ક્લાર્ક, ભારતીય જીવન વીમા નિગમ, શહેર શાખા નં.૧, જામનગર મો. ૯૮૯૮૭૮૨૪૮૯ |
| ૩. | ૭૮–જામનગર ઉત્તર | ફ્લાઇંગ સ્ક્વોડ ટીમ | શ્રી અજયકુમાર કે. સીંઘ, સુપ્રિટેન્ડેન્ટ, આયુક્ત કાર્યાલય સીમા શુલ્ક (નિવારક), જામનગર મો. ૮૨૦૦૮૪૬૬૭૬ | શ્રી હિતેષ મહિપતરાય જોષી, સીનીયર ક્લાર્ક, ભારતીય જીવન વીમા નીગમ, શહેર શાખા નં.૧, જામનગર મો. ૮૪૪૧૫૯૯૧૪૧ |
| ૪. | ૭૯–જામનગર દક્ષિણ | સ્ટેટિક સર્વેલન્સ ટીમ | શ્રી એ.એ. ચાવડા, રાજ્ય વેરા નિરિક્ષક, સહાયક રાજ્ય વેરા કમિશ્નરની કચેરી, જામનગર મો. ૯૬૦૧૮૧૧૮૩૮ | શ્રી રાજન માંડલિયા, ખાસ મદદનીશ, બેંક ઓફ ઇન્ડિયા, શંકર ટેકરી બ્રાંચ, મો. ૯૯૨૪૨૯૮૯૮૦ |
| ૪. | ૭૯–જામનગર દક્ષિણ | સ્ટેટિક સર્વેલન્સ ટીમ | શ્રી એસ.પી. પરમાર, રાજ્ય વેરા નિરિક્ષક, સહાયક રાજ્ય વેરા કમિશ્નરની કચેરી, જામનગર મો. ૮૭૮૦૭૧૫૪૦૪ | શ્રી શૈલેન્દ્રસિંહ ઝાલા, હેડ કેશીયર, બેંક ઓફ ઇન્ડિયા, મો. ૯૪૨૬૬૩૩૩૦૩ |

ઉક્ત કર્મચારી/અધિકારીશ્રીએ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફક્ત ચૂંટણીલક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે અને આ અધિકારોનો દુરઉપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

Office of the District Magistrate, Jamnagar District

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
સબંધિત કર્મચારી/અધિકારીશ્રી,
(એ.આર.ઓ મારફતે)...............

નકલ રવાના:-

૧)	જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર

૨)	જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામગનર

૩)	પોલીસ અધિક્ષકશ્રી, જામનગર

... સદરહુ હુકમની તાબાના પોલીસ સ્ટેશનને જાણ કરવા તથા હુકમની જાહેરત લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા કરાવીને જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડીને બહોળી પ્રસિદ્ધિ કરાવવી તેમજ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓને આ જાહેરનામા મુજબ સુનિશ્ચિત કરવા જરુરી કાર્યવાહી કરવા તથા તમામ પોલીસ સ્ટેશનોની માહિતી એકત્ર કરી અહેવાલ મોકલવા સારુ.

૪)	સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય),લાલપુર,ધ્રોલ

૫)	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ

૬)	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૭-જામનગર (ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (ગ્રામ્ય)

૭)	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર (શહેર)

૮)	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર

૯)	મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર.

૧૦)	વિભાગીય પોલીસ અધિકારીશ્રી,જામનગર(શહેર/ગ્રામ્ય)

૧૧)	મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જોમજોધપુર/ધ્રોલ/જોડીયા

૧૨)	થાણા ઈન્ચાર્જશ્રી, .......................... પો.સ્ટેશન, જિ.જામનગર (તમામ)

૧૩)	નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

... સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ અપાવવા વિનંતી સહ.

૧૪)	મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

... રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ અપાવી તેની પાંચ નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૫)	માન્ય રાજકીય પક્ષો ..(મારફતે : નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર)

નકલ સવિનય રવાના:-

૧)	મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી,
ગુજરાત રાજ્ય, સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

૨)	નાયબ સચિવશ્રી,
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર

૩)	રજીસ્ટ્રારશ્રી,
નામ. ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટ,
જામનગર.